નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના મહેકમની હંગામી જગ્યાઓ ચાલુ રાખવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ-મકમ/૧૧૨૦૧૬/૪૧૬૭૭/અ(પા.ફા.)
સચિવાલય, ગાંધીનગર
તારીખ:૨૮/૦૧/૨૦૨૨

વંચાણે લીધાઃ-

૧ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૯/૦૩/૨૦૨૧નો ઠરાવ ક્રમાંકઃ- મકમ/૧૧૨૦૧૬/૪૧૬૭૭/અ

૨. નિયામકશ્રી, વિ.જા.ક.ના તા.૧૩/૧૨/૨૦૨૧ના પત્ર ક્રમાંકઃવિજાક/મકમ/૨૦૨૧-૨૨/ભાગ-૮/૨૧૦૯

પ્રસ્તાવના:

વંચાણે લીધા ક્રમાંક (૧)માં દર્શાવેલ વિભાગના તા.૦૯/૦૩/૨૦૨૧ના ઠરાવથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કુલ ૯૮૬ જગ્યાઓ તા.૨૮/૨/૨૦૨૨ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધા ક્રમાંક (૨)માં દર્શાવેલ તા.૧૩/૧૨/૨૦૨૧ના પત્રથી નિયામકશ્રી(વિ.જા.)એ આ તમામ કુલ-૯૮૬ જગ્યાઓની મુદત તા.૨૮/૨/૨૦૨૩ સુધી ચાલુ રાખવા દરખાસ્ત કરેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ -

વિચારણાના અંતે નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણની વડી કચેરી, જિલ્લા કચેરીઓ, આદર્શ નિવાસી શાળા, સરકારી છાત્રાલય તથા ખાતા સંલગ્ન નિગમો ખાતેની દસ વર્ષીય ભરતી કેલેન્ડરમાં સમાવિષ્ટ પત્રક-અ મુજબની જગ્યાઓ તથા ભરતી કેલેન્ડરમાં સમાવિષ્ટ થયેલ નથી તેવી પત્રક-બ મુજબની જગ્યાઓ એમ કુલ-૯૮૬ જગ્યાઓ (૩૫૭ ભરાયેલ + ૬૨૯ ખાલી) ની મુદત તા.૨૮/૨/૨૦૨૩ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. તેમજ આંકડા મદદનીશની ૦૨ જગ્યા એક વર્ષથી વધુ, પરંતુ ત્રણ વર્ષ કરતા ઓછા સમયથી ખાલી હોઈ, બે જગ્યાને એબેયન્સમાં મૂકવાની શરતે તા.૨૮/૨/૨૦૨૩ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. આ મંજૂરી નીચેની શરતોની આધિન આપવામાં આવે છે.

શરતો:

(૧) ૨ વર્ષ કરતા વધુ સમયથી ખાલી જગ્યા એબેયન્સમાં મુકવાની રહેશે.

(૨) એબેયન્સમાં મુકવામાં આવેલ જગ્યાઓ પર નિમણૂક આપતાં પહેલા નાણા વિભાગ (ખર્ચ ખાતા)નો પરામર્શ કરી આ જગ્યાઓને એબેયન્સમાંથી મુક્ત કરાવી લેવાની રહેશે.

(૩) ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી ખાલી જગ્યા રદ કરવાની રહેશે.

(૪) રદ થયેલ જગ્યાઓ પર નિમણૂક આપી શકાશે નહિ, આ જગ્યાઓ માટે નવેસરથી નવી જગ્યાની મંજૂરી લેવાની રહેશે.

(૫) દશ વર્ષિય ભરતી કેલેન્ડરમાં સમાવેશ થયેલ ન હોય તેવી જગ્યાઓ માટે તે પૈકી એક ભરતી લાગુ પડશે નહીં

(૬) ભરતી કેલેન્ડરમાં સમાવેશ થયેલ નથી, તેવી પત્રક-બ ની જગ્યાઓ પૈકીની ડ્રાઈવર તથા રસોઈયા વર્ગ-૩, પટાવાળા વર્ગ-૪, ચોકીદાર વર્ગ-૪ તથા વર્ગ-૪ ની જુદા જુદા સંવર્ગની ખાલી જગ્યાઓ પર હાલમાં ફરજ બજાવતા નિયમિત કર્મચારીઓ જેમ જેમ નિવૃત્ત થતા જાય, તેમ તેમ ખાલી પડતી જગ્યાઓ રદ કરવાની રહેશે. આ જગ્યાઓની કામગીરી આઉટ સોર્સિંગથી કરાવવાની રહેશે.

(૭) આ જગ્યાઓના પગાર ભથ્થાનો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ની ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.

આ મંજૂરી વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા સલાહકારશ્રી(સા.ન્યા)ની તા.૨[illegible]/૦૧/૨૦૨૨ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

બિડાણ:- પત્રક-અ અને પત્રક-બ

(આર.એમ.[illegible])

ઉપ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી(વિ.જા.)/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા.) (નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ ગાંધીનગર મારફતે).
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા.) સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, (નિયામકશ્રી, વિ.જા.ક.,ગાંધીનગર મારફતે).
- પ્રોગ્રામ અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય ગાંધીનગર -- વિભાગની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ.
- શાખા સિલેકટ ફાઈલ

<u>પત્રક-અ</u>

ઠરાવ નં.ગકમ/૧૧૨૦૧૬/૪૧૬૭૭/અ (પા.ફા.), તા.૨૮/૦૧/૨૦૨૨નું બિડાણ: ભરતી કેલેન્ડરમાં સમાવિષ્ટ થયેલ હોય તેવી જગ્યાઓ

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યા | ક્રમ | જગ્યાનું નામ | જગ્યા |
|---|---|---|---|---|---|
| (અ)વડી કચેરી | | | | (બ) જિલ્લા કચેરીઓમા | |
| ૧ | નાયબ નિયામક | ૩ | ૧ | નાયબ નિયામક | ૧૨ |
| ૨ | સમાજ કલ્યાણ અધિકારી | ૪ | ૨ | સમાજ કલ્યાણ અધિકારી | ૨૧ |
| ૩ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી | ૫ | ૩ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી | ૩૪ |
| ૪ | સમાજ કલ્યાણ નિરીક્ષક | ૭ | ૪ | સમાજ કલ્યાણ નિરીક્ષક(કચેરી) | ૭ |
| ૫ | સીનીયર કલાર્ક | ૮ | ૫ | સીનીયર કલાર્ક | ૨૦ |
| ૬ | જુનીયર કલાર્ક | ૮ | ૬ | જુનીયર કલાર્ક | ૩૮ |
| | કુલ | ૩૫ | ૭ | સમાજ કલ્યાણ નિરીક્ષક(તાલુકા કક્ષા) | ૧૬૧ |
| | | | ૮ | શીવણ સંચાલિકા | ૨૦ |
| (ક)આદર્શ નિવાસી શાળાઓમાં | | | | કુલ | ૨૯૩ |
| ૧ | આચાર્ય | ૨૮ | | | |
| ૨ | મદદનીશ શિક્ષક (માધ્યમિક) | ૨૨૦ | | (ડ)સરકારી છાત્રાલયોમાં | |
| ૩ | મદદનીશ શિક્ષક (ઉ.મા.) | ૨૩૧ | | | |
| ૪ | મદદનીશ સ.ક.અધિકારી | ૩૩ | ૧ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી | ૬૬ |
| ૫ | જુનીયર કલાર્ક | ૨ | | કુલ | ૬૬ |
| | કુલ | ૫૧૪ | | | |
| | | | | (ઇ) સમરસ છાત્રાલય | |
| (ઇ) વિકસતી જાતિ કલ્યાણ સંલગ્ન નિગમોની કચેરી | | | ૧ | સમાજ કલ્યાણ અધિકારી | ૪ |
| ૧ | મદદનીશ જિલ્લા મેનેજર | ૧૫ | ૨ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી | ૫ |
| ૨ | જુનીયર કલાર્ક | ૧૫ | ૩ | જુનીયર કલાર્ક | ૬ |
| | કુલ | ૩૦ | | કુલ | ૧૫ |

(આઇ.એમ.ધાંચી)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

<u>પત્રક-બ</u>

ઠરાવ નં.ગકમ/૧૧૨૦૧૬/૪૧૬૭૭/અ (પા.ફા.), તા.૨૮/૦૧/૨૦૨૨નું બિડાણ:

ભરતી કેલેન્ડરમાં સમાવિષ્ટ થયેલ ન હોય તેવી જગ્યાઓની વિગત

| ક્રમ | જગ્યાનું નામ | વર્ગ | મંજુર જગ્યાઓ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ | ખાલી જગ્યાઓ પૈકી | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | એક વર્ષ સુધીની | એક વર્ષથી ત્રણ વર્ષ | ત્રણ વર્ષથી વધુ |

<u>પત્રક-બ</u>

ઠરાવ નં.મકમ/૧૧૨૦૧૬/૪૧૬૭૭/અ (પા.ફા.), તા.૨૮/૦૧/૨૦૨૨નું બિડાણ:

ભરતી કેલેન્ડરમાં સમાવિષ્ટ થયેલ ન હોય તેવી જગ્યાઓની વિગત

| ક્રમ | જગ્યાનું નામ | વર્ગ | મંજુર જગ્યાઓ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ | ખાલી જગ્યાઓ પૈકી | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | એક વર્ષ સુધીની | એક વર્ષથી ત્રણ વર્ષ | ત્રણ વર્ષથી વધુ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| | **(અ) વડી કચેરી** | | | | | | | |
| ૧ | નિયામક | વર્ગ-૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | હિસાબી અધિકારી | વર્ગ-૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | કાયદા સલાહકાર | વર્ગ-૨ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | સ્ટેનો ગ્રેડ-૧ | વર્ગ-૨ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | સ્ટેનો ગ્રેડ-૨ | વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | સીનીયર ઓડીટર | વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | ડેપ્યુટી ઓડીટર | વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૮ | સબ ઓડીટર | વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | સંશોધન મદદનીશ | વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | આંકડા મદદનીશ | વર્ગ-૩ | ૩ | ૧ | ૨ | ૦ | ૨ | ૦ |
| ૧૧ | પટાવાળા | વર્ગ-૪ | ૨ | ૧ | ૧ | ૧ | ૦ | ૦ |
| | કુલ (અ) | | ૧૪ | ૧૧ | ૩ | ૧ | ૨ | ૦ |
| | **(બ) જિલ્લા તથા તે હેઠળની કચેરીઓ** | | | | | | | |
| ૧ | ડ્રાઈવર | વર્ગ-૩ | ૭ | ૭ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | પટાવાળા | વર્ગ-૪ | ૫ | ૩ | ૨ | ૨ | ૦ | ૦ |
| ૩ | રસોઈયા | વર્ગ-૪ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | રસોડા કામદાર | વર્ગ-૪ | ૪ | ૪ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | હમાલ | વર્ગ-૪ | ૨ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | સફાઈ કામદાર | વર્ગ-૪ | ૨ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | ચોકીદાર | વર્ગ-૪ | ૩ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુલ (બ) | | ૨૪ | ૨૨ | ૨ | ૨ | ૦ | ૦ |
| | કુલ (અ) + (બ) | | ૩૮ | ૩૩ | ૫ | ૩ | ૨ | ૦ |

(આઇ.એમ.ઘાંચી)

ઉપ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ